13 મે, 2020 નાં રોજ મુજબ

પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ લોન્સ
વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

કોરોનાવાયરસ એઇડ, રીલીફ, એન્ડ ઇકોનોમિક સીક્યુરિટી એક્ટ (કેર્સ એક્ટ અથવા ધ એક્ટ) ની સેક્શન 1102 દ્વારા સ્થાપિત પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (પીપીપી) નાં અમલીકરણ સંબંધિત ઉધાર લેનાર અને ઉધાર આપનારનાં પ્રશ્નોને સંબોધવા ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરી સાથેનાં પરામર્શમાં નાના વ્યવસાયનું સંચાલન (SBA) સમયસર વધારાનું માર્ગદર્શન પ્રદાન કરવાનો ધ્યેય રાખે છે. આ દસ્તાવેજ નિયમિત ધોરણે અપડેટ કરવામાં આવશે.

ઉધાર લેનાર અને ઉધાર આપનાર કેર્સ (CARES) એક્ટનાં અને પેચેક પ્રોટેક્શન ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ ("પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ") (લિંક) નાં SBAનાં અર્થઘટન તરીકે આ દસ્તાવેજમાં પ્રદાન કરવામાં આવેલા માર્ગદર્શન પર આધાર રાખી શકે છે. યુ.એસ. સરકાર ઉધાર આપનારનાં એ પીપીપી પગલાઓને પડકારશે નહીં જે આ માર્ગદર્શન,[1] અને પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ અને જે તે સમયે અમલમાં હોય તેવા કોઇપણ પરિણામી નિયમની પુષ્ટિ કરતા હોય.

1. **પ્રશ્ન:** પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલનો ફકરો 3.b.iii જણાવે છે કે ઉધાર આપનારાઓએ "ઉધાર લેનારની અરજી સાથે સબમિટ કરવામાં આવેલા પેરોલ દસ્તાવેજીકરણની સમીક્ષા દ્વારા પૂર્વવર્તી કેલેન્ડર વર્ષ માટેનાં સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ડોલરમાં રકમની પુષ્ટિ કરવી" અનિવાર્ય છે." શું તે માટે ઉધાર આપનારે દરેક ઉધાર લેનારની ગણતરીઓની પ્રતિકૃતિ નકલ કરવાની આવશ્યકતા છે?

   જવાબ: ના. પેરોલ ખર્ચાઓની સચોટ ગણતરી પ્રદાન કરવી તે ઉધાર લેનારની જવાબદારી છે, અને ઉધાર લેનારનાં અરજી પત્રક પર ઉધાર લેનાર તે ગણતરીઓની ચોક્કસાઇ પ્રમાણિત કરે છે. ઉધાર લેનારની ગણતરીઓ અને સરેરાશ માસિક પેરોલ ખર્ચ સંબંધિત સહાયક દસ્તાવેજોનું વાજબી સમયમાં ઉધાર આપનાર સારા વિશ્વાસ સાથેની સમીક્ષા કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, માન્યતાપ્રાપ્ત ત્રીજા-પક્ષનાં પેરોલ પ્રોસેસર દ્વારા પેરોલ રીપોર્ટનાં આધાર પર ગણતરીઓની ન્યૂનત્તમ સમીક્ષા વાજબી રહેશે. આ ઉપરાંત, પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ સૂચવે છે તેમ, ઉધાર આપનારાઓ ઉધાર લેનારની રજૂઆતો પર આધાર રાખી શકે છે, પેરોલ ખર્ચાઓમાંથી બાકાત રાખવાની આવશ્યકતા ધરાવતી રકમોની બાબત સહિત.

[1] આ દસ્તાવેજ તે જેનાં પર આધારિત છે તેવા કાનૂન અને નિયમનોથી સ્વતંત્ર કાયદાનાં બળ અને અસરનું વહન કરતો નથી.

જો ઉધાર આપનારની ઓળખમાં ઉધાર લેનારની ગણતરીમાં ક્ષતિ આવે અથવા ઉધાર લેનારનાં સહાયક દસ્તાવેજોમાં પ્રતિપાદન માટેની સામગ્રીની ઉણપ આવે, તો તે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ઉધાર આપનારે ઉધાર લેનાર સાથે કામ કરવું જોઇએ.[2]

2. **પ્રશ્ન:** શું નાના વ્યાપારોને (સ્મોલ બિઝનેસ એક્ટ, 15 U.S.C. 632 ની સેક્શન 3 માં વ્યાખ્યાયિત કર્યા મુજબ) પીપીપી માં લાયક ઉધાર લેનારાઓ બનવા માટે 500 અથવા તેનાંથી ઓછા કર્મચારીઓ ધરાવતા હોવાની આવશ્યકતા છે?

   જવાબ: ના. જો નાના વ્યાપારો સ્મોલ બિઝનેસ એક્ટ, 15 U.S.C. 632 ની સેક્શન 3 અંતર્ગત "નાના વ્યાપાર" ની પ્રવર્તમાન કાનૂની અને નિયમનકારી વ્યાખ્યા સંતોષતા હોય, તો તેઓ 500 કરતા વધારે કર્મચારીઓ ધરાવતા હોય તો પણ લાયક ઉધાર લેનારા બની શકે છે. જો વ્યાપાર તેનાં પ્રાથમિક ઉદ્યોગને અનુરૂપ SBA કર્મચારી-આધારિત અથવા આવક આધારિત કદ માપદંડ પૂર્ણ કરતો હોય તો તે લાયક બની શકે છે. ઉદ્યોગ કદનાં માપદંડ માટે www.sba.gov/size પર જાઓ.

   વધુમાં, જો વ્યાપાર 27 માર્ચ, 2020 પ્રમાણે SBA નાં "વૈકલ્પિક કદ માપદંડ" માં બન્ને ટેસ્ટ પૂર્ણ કરે તો નાના વ્યાપાર તરીકે પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ માટે લાયક બની શકે છે: (1) વ્યાપારની મહત્તમ મૂર્ત ચોખ્ખી કિંમત $15 મિલિયન કરતા વધારે ન હોય; અને (2) અરજીની તારીખ પહેલા બે પૂર્ણ નાણાકીય વર્ષો માટે ફેડરલ આવક કરવેરાઓ પછીની વ્યાપારની સરેરાશ ચોખ્ખી આવક (કોઇપણ કેરી-ઓવર ખોટનો સમાવેશ થતો નથી) વ્યાપારની $5 મિલિયન કરતા વધારે ન હોય.

   સ્મોલ બિઝનેસ એક્ટ, 15 U.S.C. 632 ની સેક્શન 3 અંતર્ગત નાના વ્યાપાર તરીકે લાયક બનતો વ્યાપાર અન્યથા ગેરલાયક ન હોય તો, ઉધાર લેનારનાં અરજી પત્રક પર પીપીપી લોન માટે તેની લાયકાત ખરી રીતે પ્રમાણિત કરી શકે છે.

3. **પ્રશ્ન:** શું પીપીપી માં ભાગ લેવા માટે મારા વ્યાપારને નાના વ્યાપાર (સ્મોલ બિઝનેસ એક્ટ, 15 U.S.C. 632 ની સેક્શન 3 માં વ્યાખ્યાયિત કર્યા મુજબ) તરીકે લાયકાત ધરાવવી અનિવાર્ય છે?

   જવાબ: ના. નાના વ્યાપાર ઉપરાંત, કોઇ વ્યાપાર પીપીપી લોન માટે લાયકાત ધરાવે છે જો તે 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતો હોય જેઓનું નિવાસનુ પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય, અથવા તે વ્યાપાર જેમાં તે કામગીરી કરતો હોય તે ઉદ્યોગ માટેનાં SBA કર્મચારી-આધારિત કદનો માપદંડ પૂર્ણ કરતો હોય (જો લાગું પડતું હોય). તેવી જ રીતે,

[2] પ્રશ્ન 1 પ્રકાશિત કર્યો 3 એપ્રિલ, 2020.

પીપીપી લોન લાયક બનતી ઇન્ટરનલ રેવેન્યુ કોડ (IRC) ની સેક્શન 501(c)(3) માં વર્ણવેલી કરવેરા-મૂક્ત નોનપ્રોફિટ સંસ્થાઓ, IRC ની સેક્શન 501(c)(19) માં વર્ણવેલી કરવેરા-મૂક્ત વેટેરન્સ સંસ્થા, અને સ્મોલ બિઝનેસ એક્ટની સેક્શન 31(b)(2)(C) માં વર્ણવેલા ટ્રાઇબલ બિઝનેસ કે જે 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતા હોય જેઓનું નિવાસનુ પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય, અથવા તે કામગીરી કરતો હોય તે ઉદ્યોગ માટેનાં SBA કર્મચારી-આધારિત કદનો માપદંડ પૂર્ણ કરતો હોય તેના માટે ઉપલબ્ધ છે..

4. **પ્રશ્ન:** શું ઉધાર આપનારાઓએ ઉધાર લેનારાઓનું 13 C.F.R. 121.301(f) હેઠળ એપ્લિકેબિલિટી ઑફ એફિલિએશન સંબંધિત સ્વતંત્ર નિર્ધારણ કરવાની આવશ્યકતા છે?

   જવાબ: ના. કઇ સંસ્થાઓ (જો કોઇ હોય) તેના આનુષંગિકો છે તે નક્કી કરવાની અને ઉધાર લેનાર અને તેનાં આનુષંગિકોનાં કર્મચારીઓનાં માથાની ગણતરી કરી નક્કી કરવાની જવાબદારી ઉધાર લેનારની છે. ઉધાર આપનારાઓને ઉધાર લેનારાઓનાં પ્રમાણપત્રો પર આધાર રાખવાની પરવાનગી છે.

5. **પ્રશ્ન:** શું ઉધાર લેનારાઓને 13 C.F.R. 121. 301(f) હેઠળનાં SBA નાં એફિલિએશન રૂલ્સ લાગું કરવાની આવશ્યકતા છે?

   જવાબ: હા. ઉધાર લેનારાઓએ એફિલિએશન પરનાં SBA ન ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સમાં સ્થાપિત એફિલિએશન રૂલ્સ લાગું કરવા અનિવાર્ય છે. ઉધાર લેનારે જો લાગું પડતું હોય તો એફિલિએશન રૂલ્સ લાગું કર્યા બાદ, ઉધાર લેનારનાં અરજી પત્રક પર પ્રમાણિત કરવું અનિવાર્ય છે કે ઉધાર લેનાર પીપીપી લોન મેળવવા લાયક છે, અને પ્રમાણિકરણ અર્થાત ઉધાર લેનાર સ્મોલ બિઝનેસ એક્ટ (15 U.S.C. 632) નાં સેક્શન 3 મા વ્યાખ્યાયિત એક નાનો વ્યાપાર છે, લાગું પડતા SBA કર્મચારી-આધારિત અથવા આવક-આધારિત કદનાં માપદંડ પૂર્ણ કરે છે, અથવા SBAનાં વૈકલ્પિત કદનાં માપદંડમાં ટેસ્ટ પૂર્ણ કરે છે. SBAની પ્રવર્તમાન એફિલિએશન બાકાતીઓ પીપીપી ને લાગું પડે છે, જેમાં ઉદાહરણ તરીકેની 13 CFR 121.103(b)(2) હેઠળની બાકાતીઓ સહિતનો સમાવેશ થાય છે.

6. **પ્રશ્ન:** માલિકીપણા પર આધારિત એફિલિએશન રૂલ (13 C.F.R. 121.301(f)(1)) જણાવે છે કે જો શેરહોલ્ડર કોરમ અટકાવવાનો અધિકાર ધરાવતા હોય અથવા અન્યથા બોર્ડ ઑફ ડાઇરેક્ટર્સ કે શેરહોલ્ડરો દ્વારા ક્રિયા અવરોધવામાં આવે તો વ્યાપારમાં લઘુમતિ શેરહોલ્ડરને વ્યાપારનું નિયંત્રણ કરવા SBA માન્ય ગણશે. જો લઘુમતિ શેરહોલ્ડર અફર રીતે તે અધિકારો જતા કરે, તો શું તેને હજું પણ વ્યાપારનાં એફિલિએટ તરીકે ગણવામાં આવે છે?

જવાબ: ના. વ્યાપારમાં લઘુમતિ શેરહોલ્ડર 13 C.F.R. 121.301(f)(1) માં સુનિશ્ચિત કરેલા કોઇપણ પ્રવર્તમાન અધિકારો અફર રીતે જતા કરે અથવા ત્યજી દે, તો તે લઘુમતિ શેરહોલ્ડર ત્યારબાદ તે વ્યાપારનાં એફિલિએટ રહેશે નહીં (અન્ય કોઇ સંબંધ એફિલિએશન રૂલ્સને ઉત્તેજીત ન કરે તેવી ધારણા કરતા).

7. **પ્રશ્ન:** કેર્સ (CARES) એક્ટ $100,000 થી વધારે વાર્ષિક પગારનું વળતર મેળવતા કોઇપણ કર્મચારીને પેરોલ ખર્ચાઓની વ્યાખ્યામાંથી બાકાત રાખે છે.. શું તે બાકાતી નાણાકીય મૂલ્યનાં તમામ કર્મચાકી લાભોને લાગું પડે છે?

   જવાબ: ના. વાર્ષિક $100,000 થી વધારે વળતરની બાકાતી માત્ર રોકડ વળતરને લાગું પડે છે, બિન-રોકડ લાભોને નહીં, જેમાં આનો સમાવેશ થાય છે:
   - વ્યાખ્યાયિત-લાભ અથવા વ્યાખ્યિયાત-યોગદાન નિવૃત્તિ યોજનાઓમાં નોકરીપ્રદાતાનાં યોગદાનો;
   - વીમા પ્રીમિયમો સહિત, જૂથ આરોગ્ય સંભાળ કવરેજ સમાવતા કર્મચારી લાભોનાં પ્રાવધાન માટેની ચૂકવણી; અને
   - કર્મચારીઓનાં વળતર પર આકારણી કરવામાં આવેલા સ્ટેટ અને સ્થાનિક કરવેરાઓની ચૂકવણી.

8. **પ્રશ્ન:** શું પીપીપી લોન પેઇડ બિમારી રજા આવરે છે?

   જવાબ: હા. પીપીપી લોન કર્મચારીનાં વેકેશન માટેનાં ખર્ચાઓ, પેરેન્ટલ, ફેમિલી, તબીબી અને બિમારી રજા સહિત પેરોલ ખર્ચાઓ આવરી લે છે. જોકે, કેર્સ (CARES) એક્ટ એવી લાયક બિમારી અને ફેમિલી રજાનાં વેતનોને બાકાત રાખે છે જેનાં માટે ફેમિલીઝ ફર્સ્ટ કોરોનાવાયરસ રીસ્પોન્સ એક્ટ (પબ્લિક લો 116-127) ની સેક્શન 7001 અને 7003 હેઠળ ક્રેડિટની મંજુરી આપવામાં આવે છે. પેઇડ બિમારી રજા રીફંડેબલ ક્રેડિટ અંગે વધારે જાણકારી અહીંમેળવો.

9. **પ્રશ્ન:** મારો નાનો વ્યાપાર સિઝનલ વ્યાપાર છે જેની પ્રવૃત્તિ એપ્રિલથી જુનમાં વધે છે. તે સમયગાળાની પ્રવૃત્તિ ધ્યાનમાં લેવી મારા વ્યાપારની કામગીરીઓનું વધારે સચોટ પ્રતિબિંબ હશે. જોકે, મારો વ્યાપાર 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ સંપૂર્ણ મજબૂત ન હતો. શું હું હજું પણ લાયક છું?

   જવાબ: ઉધાર લેનારની લાયકાતનું મૂલ્યાંકન કરવામાં, ઉધાર આપનાર ધ્યાનમાં લઇ શકે છે કે શું સિઝનલ ઉધાર લેનાર 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ કાર્યરત હતા કે નહીં અથવા 15

ફેબ્રુઆરી 2019 અને 30 જુન, 2019 વચ્ચે 8-સપ્તાહનાં સમયગાળા માટે કાર્યરત હતા કે નહીં.

10. **પ્રશ્ન:** પેરોલ પ્રક્રિયાગત કરવા અને પેરોલ કરવેરા રીપોર્ટ કરવા માટે લાયક ઉધાર લેનાર પેરોલ પ્રદાતા અથવા પ્રોફેશનલ એમ્પલોયર ઓર્ગેનાઇઝેશન (PEO) જેવા ત્રીજા-પક્ષ યૂકવનારા સાથે કરાર કરે તો શું?

    જવાબ: SBA માન્ય રાખે છે કે લાયક ઉધાર લેનારાઓ કે જે PEOs અથવા તેનાં જેવા પેરોલ પ્રદાતાઓનો ઉપયોગ કરે છે તેઓએ કેટલાક સ્ટેટ રજીસ્ટ્રેશન કાયદાઓ હેઠળ PEO અથવા અન્ય પેરોલ પ્રદાતાનાં એમ્પલોયર આઇડેન્ટિફિકેશન નંબર (EIN) પર વેતન અથવા અન્ય ડેટા રીપોર્ટ કરવાની આવશ્યકતા રહે છે. આ કિસ્સાઓમાં, ઉધાર લેનારના કર્મચારીઓ માટે પેરોલ પ્રદાતા દ્વારા IRS ને રીપોર્ટ કરવામાં આવેલા વેતનોની રકમ અને પેરોલ કરવેરાઓ સૂચવતા પેરોલ પ્રદાતા દ્વારા પ્રદાન કરવામાં આવેલા પેરોલ દસ્તાવેજીકરણને સ્વિકાર્ય પીપીપી લોન પેરોલ દસ્તાવેજીકરણ ગણવામાં આવશે. જો ઉપલબ્ધ હોય તો,PEO નાં અથવા અન્ય પેરોલ પ્રદાતાનાં ફોર્મ 941, નોકરીપ્રદાતાનાં ત્રિમાસિક ફેડરલ ટેક્સ રીટર્ન સાથે જોડેલા શેડ્યુલ R (ફોર્મ 941), એગ્રીગેટ ફોર્મ 941 ફાઇલરો માટેનાં એલોકેશન શેડ્યુલ માંથી સંબંધિત માહિતીનો ઉપયોગ કરવો; અન્યથા, લાયક ઉધાર લેનારે વેતનોની રકમ અને પેરોલ કરવેરાઓનું દસ્તાવેજીકરણ કરતા પેરોલ પ્રદાતા પાસેથી સ્ટેટમેન્ટ મેળવવનું જોઇએ. વધુમાં, લાયક ઉધાર લેનારનાં કર્મચારીઓને લાયક ઉધાર લેનારનાં પેરોલ પ્રદાતા અથવા PEO નાં કર્મચારીઓ ગણવામાં આવશે નહીં.

11. **પ્રશ્ન:** શું ઉધાર આપનાર એવા સિંગલ વ્યક્તિનાં હસ્તાક્ષર સ્વિકારી શકે જેને ઉધાર લેનાર વતી હસ્તાક્ષર કરવા અધિકૃત કરવામાં આવી હોય?

    જવાબ: હા. જોકે, ઉધાર લેનારે મગજમાં રાખવું જોઇએ કે, ઉધાર લેનારનું અરજી પત્રક સૂચવે છે તેમ, માત્ર લોન મેળવવા માંગતા વ્યાપારનાં જ અધિકૃત પ્રતિનિધિ વ્યાપાર વતી હસ્તાક્ષર કરી શકે છે. “અરજદારનાં અધિકૃત પ્રતિનિધિ” તરીકે વ્યક્તિનાં હસ્તાક્ષર ઉધાર આપનાર અને યુ.એસ. સરકારને પ્રતિનિધિત્વ છે કે હસ્તાક્ષરકર્તા ઉધાર લેનારનાં અરજી પત્રકમાં સમાયેલા પ્રમાણિકરણો કરવા માટે અધિકૃત છે, અરજી અને અરજદારની ઇક્વિટીનાં 20% અથવા વધારેનાં દરેક માલિકનાં સંબંધમાં સહિત. ઉધાર આપનારો તે પ્રતિનિધિત્વ પર આધાર રાખી શકે છે અને તે આધાર પર સિંગલ વ્યક્તિનાં હસ્તાક્ષર સ્વિકારી શકે છે.

12. **પ્રશ્ન:** હાલની આર્થિક અનિશ્ચિતતાનાં સંદર્ભમાં મારા નાના વ્યાપારની કામગીરીઓને સપોર્ટ કરવા માટે લોનની વિનંતી કરવાની જરૂર પડી છે. જોકે, ઘણા સમય પહેલા મને મહાઅપરાધ ગુનામાં ગુનેગાર ઠેરવવામાં આવ્યો હતો. શું હું હજું પણ પીપીપી માટે લાયક છું?

જવાબ: હા. વ્યાપારો માત્ર તો જ ગેરલાયક છે જો અરજદારની 20 ટકા અવ્યાપારો માત્ર તો જ ગેરલાયક છે જો અરજદારની 20 ટકા અથવા વધારે ઇક્વિટીનાં કોઇ માલિક હાલમાં કેદમાં હોય, પ્રોબેશન પર હોય, પેરોલ પર હોય; જે કોઇ આરોપ, ગુનાહિત માહિતી, દોષારોપણ, અથવા અન્ય માર્ગોને આધીન હોય જેનાંથી કોઇ ન્યાયક્ષેત્રમાં ઔપચારિક ચાર્જીસ લાવવામાં આવ્યા હોય; અથવા, અંતિમ પાંચ વર્ષોમાં, કોઇપણ કોઇપણ મહાઅપરાધ માટે, ગુનેગાર ઠેરવવામાં આવ્યા હોય; ગુનેગાર સ્વિકારવામાં આવ્યા હોય; નોલો કોન્ટેન્ડેરે તરીકે સ્વિકારવામાં આવ્યા હોય; પ્રીટ્રાયલ ડાઇવર્ઝન પર રાખવામાં આવ્યા હોય; અથવા કોઇપણ સ્વરૂપનાં પેરોલ અથવા પ્રોબેશન પર રાખવામાં આવ્યા હોય (જજમેન્ટ પહેલાનાં પ્રોબેશન સહિત).થવા વધારે ઇક્વિટીનાં કોઇ માલિક હાલમાં કેદમાં હોય, પ્રોબેશન પર હોય, પેરોલ પર હોય; જે કોઇ આરોપ, ગુનાહિત માહિતી, દોષારોપણ, અથવા અન્ય માર્ગોને આધીન હોય જેનાંથી કોઇ ન્યાયક્ષેત્રમાં ઔપચારિક ચાર્જીસ લાવવામાં આવ્યા હોય; અથવા, અંતિમ પાંચ વર્ષોમાં, કોઇપણ કોઇપણ મહાઅપરાધ માટે, ગુનેગાર ઠેરવવામાં આવ્યા હોય; ગુનેગાર સ્વિકારવામાં આવ્યા હોય; નોલો કોન્ટેન્ડેરે તરીકે સ્વિકારવામાં આવ્યા હોય; પ્રીટ્રાયલ ડાઇવર્ઝન પર રાખવામાં આવ્યા હોય; અથવા કોઇપણ સ્વરૂપનાં પેરોલ અથવા પ્રોબેશન પર રાખવામાં આવ્યા હોય (જજમેન્ટ પહેલાનાં પ્રોબેશન સહિત).

13. **પ્રશ્ન:** શું ઉધાર આપનારાઓને તેઓનાં ઓનલાઇન પોર્ટલોનાં સંપર્ણ અમલીકરણ કરવા માટે ઉધાર લેનારનાં અરજી પત્રકમાં હોય તેવી માહિતી અને પ્રમાણપત્રો બનાવવા અને એકત્રિત કરવા તેઓને તેઓનાં પોતાનાં ઓનલાઇન પોર્ટલો અને ઇલેક્ટ્રોનિક ફોર્મનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે છે?

    જવાબ: હા. ઉધાર આપનારાઓ ઉધાર લેનારનાં અરજી પત્રકમાં હોય તેવી જ માહિતી માટે (તેનાં જેવી જ ભાષાનો ઉપયોગ કરીને) પૂછવા તેઓ દ્વારા સ્થાપિત તેઓની પોતાની ઓનલાઇન સીસ્ટમો અન પત્રકનો ઉપયોગ કરી શકે છે. ઉધાર આપનારાઓએ હજું પણ SBA નાં ઇન્ટરફેસનો ઉપયોગ કરીને SBA ને ડેટા મોકલવાની આવશ્યકતા રહે છે.

14. **પ્રશ્ન:** ઉધાર લેવારાઓએ તેઓની મહત્તમ લોન રકમોની ગણતરી કરવા તેઓનાં કર્મચારીઓની સંખ્યા અને પેરોલ ખર્ચાઓ નક્કી કરવા ક્યો સમયગાળો વાપરવો જોઇએ?

    જવાબ: સામાન્ય રીતે, ઉધાર લેનારાઓ તેઓનાં કુલ પેરોલ ખર્ચાઓની ગણતરી પાછલા 12 મહિનામાંથી અથવા 2019 કેલેન્ડર વર્ષમાંથી કરી શકે છે. સીઝનલ વ્યાપારો માટે, અરજદાર 15 ફેબ્રુઆરી, 2019, અથવા 1 માર્ચ, 2019 અને 30 જુન, 2019 વચ્ચેનાં સમયગાળામાંથી કોઇ સમયગાળાનો ઉપયોગ સરેરાશ માસિક પેરોલ માટે ઉપયોગ કરી શકે છે. 15 ફેબ્રુઆરી, 2019

થી 30 જુન, 2019 સુધી વ્યાપારમાં ન હતા તેવા અરજદાર 1 જાન્યુઆરી, 2020 થી 29 ફેબ્રુઆરી, 2020 સુધીનાં સમયગાળા માટેનાં સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરી શકે છે.

ઉધાર લેનારાઓ કર્મચારી-આધારિત કદનાં માપદંડ પર અરજી કરવાનાં હેતુઓ માટેતેઓનાં કર્મચારીઓની સંખ્યા નક્કી કરવા માટે એકસમાન સમયગાળાઓમાં તેઓનાં સરેરાશ એમ્પલોયમેન્ટનો ઉપયોગ કરી શકે છે. વૈકલ્પિક રીતે, ઉધાર લેનારાઓ SBA ની સામાન્ય ગણતરીનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે: લોન અરજીની તારીખ પહેલા 12 પૂર્ણ કરેલા કેલેન્ડર મહિનાઓમાં કર્મચારીઓની સરેરાશ સંખ્યા પ્રતિ ચૂકવણીનો સમયગાળો (અથવા જો વ્યાપાર 12 મહિનાથી કાર્યરત ન હોય તો, તે વ્યાપાર કાર્યરત હોય તે દરેક ચૂકવણી સમયગાળાઓ માટે કર્મચારીઓની સરેરાશ સંખ્યા).

15. **પ્રશ્ન:** શું લાયક ઉધાર લેનારે સ્વતંત્ર કોન્ટ્રેક્ટર અથવા સંપૂર્ણ માલિકને કરેલી ચૂકવણીઓને લાયક ઉધાર લેનારનાં પેરોલ ખર્ચાઓની ગણતરીમાં સામેલ કરવી જોઇએ?

    જવાબ: ના. લાયક ઉધાર લેનારે સ્વતંત્ર કોન્ટ્રેક્ટર અથવા સંપૂર્ણ માલિકને ચૂકવેલી કોઇપણ રકમોનેે લાયક વ્યાપારનાં પેરોલ ખર્ચાઓમાંથી બાકાત રાખવી જોઇએ. જોકે, સ્વતંત્ર કોન્ટ્રેક્ટર અથવા સંપૂર્ણ માલિક પોતે જ પીપીપી અંતર્ગત લોન માટે લાયક બનશે, જો તે લાગું પડતી આવશ્યકતાઓ પૂર્ણ કરે છે.

16. **પ્રશ્ન:** જ્યારે મહત્તમ લોન રકમનાં હેતુઓ માટે તેનાં પેરોલ ખર્ચાઓ, પીપીપી લોનનાં માન્ય ઉપયોગો, અને માફ કરવામાં આવી શકે તેવી લોનની રકમ નક્કી કરતી વખતે ઉધાર લેનારે કેવી રીતે ફેડરલ કરવેરાઓની ગણતરી કરવી જોઇએ?

    જવાબ: એક્ટ અંતર્ગત, પેરોલ ખર્ચાઓને ફેડરલ કરવેરાઓ લાગું પાડવામાં આવે અથવા રોકવામાં આવે તેને લક્ષ્યમાં લીધા વગર (દા.ત. તેનાં આધાર પર બાદબાકીઓ કે ઉમેરાઓનો સમાવેશ ન કરવો) ગ્રોસ આધાર પર ગણવામાં આવે છે, જેમ કે કર્મચારીઓ અને નોકરીપ્રદાતાઓનો ફેડરલ ઇન્શ્યુરન્સ કન્ટ્રિબ્યુશન એક્ટ (FICA) નો હિસ્સો અને આવક વેરાઓને કર્મચાકીઓ પાસેથી રોકવાની આવશ્યકતા રહે છે. પરિણામે, કર્મચારી પર લગાડવામાં આવતા કરવેરાઓથી પેરોલ ખર્ચાઓમાં ઘટાડો થતો નથી અને નોકરીપ્રદાતા દ્વારા રોકવામાં આવે છે, પરંતુ પેરોલ ખર્ચાઓમાં પેરોલ કરવેરાનાં નોકરીપ્રદાતાનાં હિસ્સાનો સમાવેશ થતો નથી. ઉદાહરણ તરીકે, ગ્રોસ વેતનમાં એક કર્મચારીએ $4,000 પ્રતિ માસ કમાતો હતો જેમાંથી $500 ફેડરલ કરવેરાઓમાં રોકી રાખનામાં આવતો, જે પેરોલ ખર્ચાઓમાં $4,000 તરીકે ગણવામાં આવશે. કર્મચારી $3,500 મેળવશે અને $500 ફેડરલ ગવર્મેન્ટને

ચૂકવવામાં આવશે. જોકે, વેતનમાં $4,000 પર નોકરીપ્રદાતા-તરફી ફેડરલ પેરોલ કરવેરાઓ લગાડવામાં આવ્યા હોય તેને કાનૂન અંતર્ગત પેરોલ ખર્ચાઓમાંથી બાકાત રાખવામાં આવે છે.[3]

17. **પ્રશ્ન:** મેં 2 એપ્રિલ, 2020 નાં રોજ પ્રકાશિત પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં સંસ્કરણનાં આધાર પર લોનની અરજી ફાઇલ કરી હતી અથવા મંજુર કરી હતી. તો શું આ FAQs માં અપડેટ કરાયેલા માર્ગદર્શનનાં આધાર પર મારે કોઇ કાર્યવાહી કરવાની જરૂર છે?

    જવાબ: ના. ઉધાર લેનારાઓ અને ઉદાર આપનારાઓ સંબંધિત અરજીનાં સમય પર ઉપલબ્ધ કાયદાઓ, રૂલ્સ અને માર્ગદર્શન પર આધાર રાખી શકે છે. જોકે, જે ઉધાર લેનારાઓની અગાઉ સબમિટ કરવામાં આવેલી લોનની અરજીઓ હજું પ્રક્રિયાગત ન કરવામાં આવી હોય તેઓ આ FAQs માં પ્રતિબિબિત સ્પષ્ટતાઓનાં આધાર પર તેઓની અરજીઓ સુધારી શકે છે.

18. **પ્રશ્ન:** શું પ્રવર્તમાન ગ્રાહકો માટેની પીપીપી લોનને FinCEN રૂલ CDD હેતુંઓ માટે નવા એકાઉન્ટ્સ ગણવામાં આવે છે? શું પ્રવર્તમાન ગ્રાહકો માટેની રૂલ આવશ્યકતાઓ સાથેનાં અનુપાલનમાં ઉધાર આપનારાઓએ લાભદાયી માલિકી એકત્રિત, પ્રમાણિત કે વેરિફાઇ કરવાની આવશ્યકતા છે?

    જવાબ: જો પીપીપી લોન પ્રવર્તમાન ગ્રાહકને કરવામાં આવી રહી છે અને જરૂરી માહિતી અગાઉ વેરિફાઇ કરવામાં આવી હતી, તો તમારે ફરીથી માહિતી વેરિફાઇ કરવાની જરૂર નથી.

---

[3] કેર્સ (CARES) એક્ટ, 15 U.S.C. 636(a)(36)(A)(viii) માં "પેરોલ ખર્ચાઓ" ની વ્યાખ્યા 15 ફેબ્રુઆરી, 2020 થી 30 જુન,2020 તરીકે વ્યાખ્યાયિત "આવરિત સમયગાળા દરમિયાન ઇન્ટર્નલ રેવેન્યુ કોડ ઑફ 1986 નાં ચેપ્ટર્સ 21, 22, અથવા 24 હેઠળ લગાડવામાં કે રોકી રાખવામાં આવેલા કરવેરાઓ"ને બાકાત રાખે છે. ઉપર વર્ણવ્યા અનુસાર, SBA આ કાનૂની બાકાતીનો એવો અર્થ કરવા અર્થઘટન કરે છે કે કર્મચારી પર લગાડવામાં આવેલા ફેડરલ કરવેરા કે કર્મચારીનાં વેતનોમાંથી રોકી રાખવામાં આવેલા ફેડરલ કરવેરાઓ બાદ કર્યા વગર પેરોલ ખર્ચાઓ ગ્રોસ આધાર પર ગણવામાં આવે છે. નોકરીપ્રદાતા-તરફી પેરોલ કરવેરાઓથી વિપરીત, આવા કર્મચારી-તરફી કરવેરાઓ સામાન્ય રીતે કર્મચારી ઘર પર લઇ જાય તે પગારમાં ઘટાડા તરીકે પ્રદર્શિત કરવામાં આવે છે; પેરોલ ખર્ચાઓની વ્યાખ્યામાંથી તેઓની બાકાતી અર્થાત કર્મચારી પર લગાડવામાં આવતા કે કર્મચારીનાં વેતનોમાંથી રોકી રાખવામાં આવતા કરવેરાઓનાં આધાર પર પેરોલ ખર્ચાઓ ઘટાડવા ન જોઇએ. આ અર્થઘટન કાનૂનનાં લખાણ સાથે સાતત્યપૂર્ણ છે અને કામદારોને ચૂકવણી કરવામાં આવતી રહે અને નોકરી ચાલું રહે તેની ખાતરી કરવાનાં કાયદાકીય હેતુંને આગળ વધારે છે. વધુમાં, ઉધાર લેનારની મહત્તમ લોન રકમ નક્કી કરવાનો સંદર્ભ સમયગાળો વ્યાપક રીતે અને સંપૂર્ણ રીતે 15 ફેબ્રુઆરી, 2020 થી 30 જુન, 2020 સુધીનાં સમયગાળા પૂર્વેનો હોવાથી, અને એવો સમયગાળો જે દરમિયાન ઉધાર લેનારાઓ લોનનાં માન્ય ઉપયોગ પરનાં નિયંત્રણોને આધીન હશે જેને તે સમયગાળાથી આગળ વિસ્તારી શકાતો હોવાનાં કારણે, લોનનાં માન્ય ઉપયોગોનાં અને લોન માફીની રકમનાં નિર્ણય લેવાનાં હેતુઓ માટે, આ કાનૂની બાકાતી જે તે સમયે લાગું કરેલા અથવા રોકી રાખવામાં આવેલા આવા કરવેરાઓનાં સંબંધ સાથે લાગું પડશે, માત્ર આવા સમયગાળા દરમિયાન જ નહી.

વધુમાં, જો પીપીપી પ્રોગ્રામમાં ભાગ લેવા લાયક ફેડરલી ઇન્શ્યુર્ડ ડીપોઝિટરી સંસ્થાઓ અને ફેડરલી ઇન્શ્યુર્ડ ક્રેડિટ યુનિયનોએ હજું પ્રવર્તમાન ગ્રાહકો પરની બેનેફિશિયલ માલિકીની માહિતી એકત્રિત ન કરી હોય, તો આવી સંસ્થાઓએ નવી પીપીપી લોન માટે અરજી કરતા તે ગ્રાહકો માટે બેનિફિશિયલ માલિકીની માહિતી એકત્રિત અને વેરિફાઇ કરવાની જરૂર નથી, અન્યથા જો ઉધાર આપનારનાં BSA અનુપાલન તરફનાં જોખમ-આધારિત અભિગમ દ્વારા સૂચવવામાં આવ્યું હોય.[4]

19. **પ્રશ્ન:** શું ઉધાર આપનારાઓએ SBA દ્વારા પ્રદાન કરેલી પ્રોમિસરી નોંધનો ઉપયોગ કરવો જોઇએ કે તેઓ તેઓની પોતાની નોંધનો ઉપયોગ કરી શકે છે?

    જવાબ: ઉધાર આપનારાઓ તેઓની પોતાની પ્રોમિસરી નોંધનો ઉપયોગ કરી શકે છે અથવા પ્રોમિસરી નોંધનાં SBA સ્વરૂપનો ઉપયોગ કરી શકે છે.

20. **પ્રશ્ન:** પીપીપી લોનની માફીની રકમ આઠ-સપ્તાહનાં સમયગાળામાં ઉધાર લેનારનાં પેરોલ ખર્ચાઓ પર આધાર રાખે છે; તે આઠ-સપ્તાહનો સમયગાળો ક્યારે શરૂ થાય છે?

    જવાબ: આઠ-સપ્તાહનાં સમયગાળાની શરૂઆત જે તારીખે ઉધાર આપનાર ઉધાર લેનારને પીપીપી લોનનું પ્રથમ વિતરણ કરે છે ત્યારથી થાય છે. ઉધાર આપનારે લોનનું પ્રથમ વિતરણ લોન મંજુર કર્યા પછીનાં દસ કેલેન્ડર દિવસોની અંદર કરવું અનિવાર્ય છે.[5]

21. **પ્રશ્ન:** શું પીપીપી લોન જારી કરવા માટે ઉધાર આપનારાઓને અલગ SBS અધિકૃત્તતા દસ્તાવેજની જરૂર પડે છે?

    જવાબ: ના. પીપીપી લોનવી ગેરેંટી આપવા માટે SBA માટે ઉધાર આપનારને અલગ SBA અધિકૃત્તતાની જરૂર પડતી નથી. જોકે, ઉધાર આપનારાઓએ પીપીપી લોન જારી કરવા માટે SBA ફોર્મ 2484 (પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ માટે લેન્ડર એપ્લિકેશન ફોર્મ) એક્ઝિક્યુટ કર્યું હોવું અનિવાર્ય છે[6] દરેક ઉદ્ભવતી પીપીપી લોન માટે લોન નંબર મેળવવો અનિવાર્ય છે. ઉધાર લેનારાઓ પીપીપી લોન માટેની તેઓની પ્રોમિસરી નોંધોમાં કોઇપણ નિયમો અને શરતો સામેલ કરી શકે છે, જેમાં એમોર્ટાઇઝેશન અને પ્રગટિકરણ સંબંધિત સહિતનો સમાવેશ થાય છે, જેઓ કેર્સ એક્ટની સેક્શન 1102 અને 1106, પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ અને

[4] પ્રશ્નો 2 - 18 પ્રકાશિત કર્યા 6 એપ્રિલ, 2020.

[5] પ્રશ્નો 19 - 20 પ્રકાશિત કર્યા 8 એપ્રિલ, 2020.

[6] જ્યારે ઉધાર આપનાર ઇટ્રાન સીસ્ટમ મારફત લોન સબમિટિંગની પ્રક્રિયા પૂર્ણ કરે છે ત્યારે ઉધાર આપનાર દ્વારા આ આવશ્યકતા પૂર્ણ થાય છે; ફોર્મ 2484 ની ભૌતિક નકલનાં પ્રસારણ કે જાળવી રાખવાની કોઇ આવશ્યકતા નથી.

માર્ગદર્શન, અને SBA ફોર્મ 2484 સાથે બિનસાતત્યમાં ન હોય.

22. **પ્રશ્ન:** હું પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં તમામ લાગું પડતા માપદંડો પૂર્ણ કરતો નોન-બેંક ઉધાર આપનાર છું. તો શું મને આપમેળે પીપીપી ઉધાર આપનાર તરીકે પ્રવેશ આપવામાં આવશે? પીપીપી ઉધાર આપનાર તરીકે ભાગ લેવા મારી અરજી મંજુર કરવી કે નહીં તેની આકારણી કરવા માટે SBA અને ટ્રીઝરી ડીપાર્ટમેન્ટ કયાં માપદંડનો ઉપયોગ કરશે?

    જવાબ: સમગ્ર અમેરિકામાં નાના વ્યાપારોને મદદ કરવા પીપીપી ઉધાર આપવાનાં વિકલ્પોનો વ્યાપ વધારવા અને જે ઝડપથી પીપીપી લોનનું વિતરણ થઇ શકે તેને વધારવા અમે હાલમાં 7(a) લેન્ડરો ન હોય તેવા ઉધાર આપનારાઓને પ્રોત્સાહિત કરીએ છીએ. અમે સ્વિકારીએ છીએ કે ફાયનાન્શિયલ ટેકનોલોજી સોલ્યુશનો પીપીપી અમલીકરણમાં કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે અને આર્થિક સમાવેશકતા વધારી શકે છે. અરજદારોએ NFRLApplicationForપીપીપી@sba.gov પર SBA ફોર્મ 3507 અને સંબંધિત જોડાણો સબમિટ કરવા જોઇએ. SBA ફોર્મ 3507 સબમિટ કરવા માત્રથી પીપીપી માં આપમેળે પ્રવેશમાં પરિણમતું નથી. નોન-બેંક અથવા નોન-ઇન્શ્યુર્ડ ડીપોઝિટરી સંસ્થાની દરેક અરજીનું SBA અને ટ્રીઝરી ડીપાર્ટમેન્ટ મૂલ્યાંકન કરશે અને નક્કી કરશે કે SBA ની ગેરેંટી સાથેની પીપીપી લોન કરવાની પ્રક્રિયા, મંજુરી, વિતરણ અને સેવા માટે અરજદાર જરૂરી લાયકાતો ધરાવે છે કે નહીં. નિર્ણય લેતા પહેલા SBA અરજદાર પાસેથી વધારાની માહિતીની વિનંતી કરી શકે છે.

23. **પ્રશ્ન:** ફ્રેન્ચાઇઝીઓ માટે $10 મિલિયન કેપ અને એફિલિએશન રૂલ્સ કેવી રીતે કાર્ય કરે છે?

    જવાબ: જો એક ફ્રેન્ચાઇઝી બ્રાન્ડ SBA ફ્રેન્ચાઇઝી ડિરેક્ટરી પર લિસ્ટેડ હોય, તો લાગું પડતા કદનાં માપદંડ પૂર્ણ કરતી તેની દરેક ફ્રેન્ચાઇઝીઓ પીપીપી લોન માટે અરજી કરી શકે છે. (ફ્રેન્ચાઇઝર તેની ફ્રેન્ચાઇઝીઓ વતી અરજી કરતા નથી.) પીપીપી લોન પરની $10 મિલિયન કેપ એ પ્રતિ ફ્રેન્ચાઇઝી સંસ્થાની મર્યાદા છે, અને દરેક ફ્રેન્ચાઇઝી એક પીપીપી લોન પૂરતી મર્યાદિત છે.

    ફ્રેન્ચાઇઝર અને ફ્રેન્ચાઇઝી વચ્ચેનાં પોતાનાં એફિલિએશનને કારણે જે ફ્રેન્ચાઇઝી બ્રાન્ડ્સને ડિરેક્ટરી પર લિસ્ટિંગ માટે નકારવામાં આવી હોય તે પીપીપી લોન મેળવવા માટે લિસ્ટિંગ કરવા માટે વિનંતી કરી શકે છે. પીપીપી માં ભાગ લેવા માટે ડિરેક્ટરી પર લિસ્ટિંગની વિનંતી કરતી ફ્રેન્ચાઇઝી બ્રાન્ડને SBA એફિલિએશન રૂલ્સ લગાડશે નહીં, પરંતુ SBA કન્ફર્મ કરશે કે તે બ્રાન્ડ અન્યથા ડિરેક્ટરી પર લિસ્ટિંગ માટે લાયક છે.

24. **પ્રશ્ન:** $10 મિલિયન કેપ અને એફિલિએશન રુલ્સ હોટેલો અને રેસ્ટોરન્ટ્સ માટે કેવી રીતે કાર્ય કરે છે (અને કોઇપણ વ્યાપાર કે જેને 72 સાથે શરૂ થતો નોર્થ અમેરિકન ઇન્ડસ્ટ્રી ક્લાસિફિકેશન સીસ્ટમ (NAICS) કોડ ફાળવવામાં આવ્યો હોય?

જવાબ: કેર્સ એક્ટ અંતર્ગત, કોઇપણ સિંગલ વ્યાપાર સંસ્થા કે જેને 72 થી શરૂ થતો NAICS કોડ ફાળવવામાં આવ્યો હોય (હોટેલો અને રેસ્ટોરન્ટ્સ સહિત) અને જે પ્રતિ ભૌતિક સ્થળ દીઠ 500 થી વધારે કર્મચારીઓને નોકરી પર ન રાખતી હોય તે પીપીપી લોન મેળવવા માટે લાયક છે.

વધુમાં, SBA નાં એફિલિએશન રૂલ્સ (13 CFR 121.103 અને 13 CFR 121.301) એવી કોઇપણ વ્યાપાર સંસ્થાને લાગું પડતા નથી જેને 72 થી શરૂ થતો NAICS કોડ ફાળવવામાં આવ્યો હોય અને જે કુલ 500 થી વધારે કર્મચારીઓને નોકરી પર ન રાખતી હોય. પરિણામે, જો પિતૃ વ્યાપારની માલિકીની દરેક હોટેલ કે રેસ્ટોરન્ટનું સ્થળ એક ભિન્ન કાનૂની વ્યાપાર સંસ્થા હોય, તો 500 કરતા વધારે ન હોય તેટલા કર્મચારીઓને નોકરી પર રાખતી હોય તેવી દરેક હોટેલ કે રેસ્ટોરન્ટ સ્થળને તે પોતાનો અનન્ય EIN વાપરતી હોય તો અલગ પીપીપી લોન માટે અરજી કરવાની પરવાનગી છે.

$10 મિલિયન મહત્તવ લોન રકમ મર્યાદા દરેક લાયક વ્યાપાર સંસ્થાને લાગું પડે છે કારણ કે વ્યક્તિગત વ્યાપાર સંસ્થા એક કરતા વધારે લોન માટે અરજી કરી શકતી નથી. નીચેના ઉધાહરણો આ સિદ્ધાંતો કેવી રીતે લાગું પડે છે તેનું નિરૂપણ કરે છે.

<u>ઉદાહરણ 1</u>. કંપની X બહુવિધ રેસ્ટોરન્ટ્સની પ્રત્યક્ષ માલિકી ધરાવે છે અને કોઇ એફિલિએટ્સ નથી.

- જો કંપની X લોકેશન દીઠ (તેનાં હેડક્વાર્ટરો સહિત) 500 અથવા ઓછા કર્મચારીઓને નોકરી પર રાખે છે તો તે પીપીપી લોન માટે અરજી કરી શકે છે, તમામ સ્થળો પર નોકરી પર રાખેલા કુલ કર્મચારીઓની સંખ્યા 500 કરતા વધારે હોય તો પણ.

<u>ઉદાહરણ 2</u>. કંપની X સંપૂર્ણ રીતે કંપની Y અને કંપની Z ની માલિકી ધરાવે છે (પરિણામે, કંપનીઓ X, Y અને Z એ તમામ એકબીજાનાં એફિલિએટ્સ છે). કંપની Y અને કંપની Z માંથી દરેક 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતી સિંગલ રેસ્ટોરન્ટની માલિકી ધરાવે છે.

- કંપની Y અને કંપની Z માંથી દરેક અલગ પીપીપી લોન માટે અરજી કરી શકે છે, કારણ કે દરેક 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવે છે. એફિલિએશન રુલ લાગું પડતો નથી, કારણ કે કંપની Y અને કંપની Z માંથી દરેક 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવે છે અને તેઓ ખોરાક સેવાઓનાં વ્યાપારમાં છે (72 સાથે શરૂ થતા

NAICS કોડ સાથે).

ઉદાહરણ 3. કંપની X સંપૂર્ણ રીતે કંપની Y અને કંપની Z ની માલિકી ધરાવે છે (પરિણામે, કંપનીઓ X, Y અને Z એ તમામ એકબીજાનાં એફિલિએટ્સ છે). કંપની Y 400 કર્મચારીઓ ધરાવતી એક રેસ્ટોરન્ટની માલિકી ધરાવે છે. કંપની Z 400 કર્મચારીઓ ધરાવતી એક કન્સ્ટ્રક્શન કંપની છે.

- કંપની Y એ પીપીપી લોન માટે લાયક છે કારણ કે તે 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવે છે. કંપની Y ને એફિલિએશન રુલ લાગું પડતો નથી, કારણ કે તે 500 અથવા ઓછા કર્મચારીઓ ધરાવે છે અને તે ખોરાક સેવાઓનાં વ્યાપારમાં છે (72 સાથે શરૂ થતા NAICS કોડ સાથે).
- કંપની Z ને એફિલિએશન રુલ્સની મૂક્તિ લાગું પડતી નથી, કારણ કે કંપની Z કન્સ્ટ્રક્શન કંપની છે. SBA નાં એફિલિએશન રૂલ્સ, 13 CFR 121.301(f)(1) અને (3) અંતર્ગત, કંપની Y અને કંપની Z એકબીજાનાં એફિલિએટ્સ છે કારણ કે તેઓ કંપની X નાં સામાન્ય નિયંત્રણ હેઠળ છે, જે બન્ને કંપનીઓની સંપૂર્ણ માલિકી ધરાવે છે. આનો અર્થ એવો છે કે કંપની Z નું કદ કંપની X અને Y નાં કર્મચારીઓમાં તેનાં કર્મચારીઓનો ઉમેરો કરીને નક્કી કરવામાં આવે છે. તેથી, કંપની Z તેનાં એફિલિએટ્સ સાથે 500 કરતા વધારે કર્મચારીઓ ધરાવતી હોવાનું માનવામાં આવે છે. જોકે, કંપની Z નાના વ્યાપાર તરીકે પીપીપી લોન મેળવવા લાયક બની શકે છે જો તે કંપનીઓ X અને Y સાથે,FAQ #2 માં સમજાવ્યા અનુસારનાં SBA નાં અન્ય લાગું પડતા કદનાં માપદંડો પૂર્ણ કરે.

25. **પ્રશ્ન:** શું ઉધાર આપનારાઓએ પીપીપી અરજદારો પાસેથી અરજદાર વ્યાપારમાં 20% અથવા વધારે માહિલી હિસ્સો ધરાવતા હોય તેવા દરેક માલિક સંબંધિત એકત્રિત કરવી જરૂરી માહિતી (જેમ કે, માલિકનું નામ, ટાઇટલ, માલિકી %, TIN અને સરનામુ) બેંક સીક્રેસી એક્ટ અંતર્ગત બેનેફિશિયલ માલિકીની માહિતી (જે 25% માલિકીનાં થ્રેશહોલ્ડ ધરાવતા હોય) એકત્રિત કરવાની ઉધાર આપનારની જવાબદારી સંતોષે છે?

જવાબ:
પ્રવર્તમાન ગ્રાહકો સાથે ઉધાર આપનારાઓ માટે: 20% અથવા વધારે માલિકી હિત ધરાવતા માલિકો માટે બેનિફિશિયલ માલિકીની માહિતી એકત્રિત કરવા બાબતે, જો પીપીપી લોન પ્રવર્તમાન ગ્રાહકને માટે કરવામાં આવી રહી હોય અને ઉધાર આપનારે અગાઉ આવશ્યક માહિતી વેરિફાઇ કરી હતી, તો ઉધાર આપનારે તે માહિતી ફરીથી વેરિફાઇ કરવાની જરૂર નથી. વધુમાં, જો પીપીપી પ્રોગ્રામમાં ભાગ લેવા લાયક ફેડરલી ઇન્શ્યુર્ડ ડીપોઝિટરી સંસ્થાઓ

અને ફેડરલી ઇન્શ્યુર્ડ ક્રેડિટ યુનિયનોએ હજું પ્રવર્તમાન ગ્રાહકો પરની બેનેફિશિયલ માલિકીની માહિતી એકત્રિત ન કરી હોય, તો આવી સંસ્થાઓએ નવી પીપીપી લોન માટે અરજી કરતા તે ગ્રાહકો માટે બેનિફિશિયલ માલિકીની માહિતી એકત્રિત અને વેરિફાઇ કરવાની જરૂર નથી, અન્યથા જો ઉધાર આપનારનાં બેંક સીક્રેસી એક્ટ (BSA) અનુપાલન તરફનાં જોખમ-આધારિત અભિગમ દ્વારા સૂચવવામાં આવ્યું હોય.

નવા ગ્રાહકો સાથે ઉધાર આપનારાઓ માટે: નવા ગ્રાહકો માટે, અરજદાર વ્યાપારમાં 20% અથવા વધારે માલિકી હિસ્સો ધરાવતા તમામ સ્વાભાવિક વ્યક્તિઓ પાસેથી ઉદાર લેનારે એકત્રિત કરવાની નીચેની માહિતી લાગું પડતી BSA આવશ્યકતાઓ અને બેનેફિશિયલ માલિકીની માહિતીનું સંચાલન કરતા FinCEN નિયમનો પૂર્ણ કરતા હોવાનું માનવામાં આવશે: માલિકનું નામ, ટાઇટલ, માલિકી %, TIN, સરનામુ અને જન્મ તારીખ. જો અરજદાર વ્યાપારમાં કોઇપણ 20% અથવા વધારે માલિકી હિત વ્યાપાર કે અન્ય કાનૂની સંસ્થાનો હોય, તો તે સંસ્થા માટે ઉદાર આપનારે યોગ્ય બેનેફિશિયલ માલિકીની માહિતી એકત્રિત કરવાની જરૂર પડશે. જો તમને બેનેફિશિયલ માલિકીની આવશ્યકતાઓ અંગે પ્રશ્નો હોય તો, https://www.fincen.gov/resources/statutes-and-regulations/cdd-final-ruleપર જાઓ. નવા ગ્રાહકો પાસેથી એકત્રિત કરવામાં આવેલી બેનિફિશિયલ માલિકની માહિતીનાં આગળનાં વેરિફિકેશન સંબંધિત નિર્ણયો BSA અનુપાલન તરફનાં ઉધાર આપનારનાં જોખમ-આધારિત અભિગમને અનુરૂપ કરવા જોઇએ.[7]

26. **પ્રશ્ન:** કોઇ સંસ્થાને ડિઝાસ્ટર સહાય સિવાય SBA સહાય માટે SBA નિયમનોની SBA નાં સ્ટાન્ડર્ડ્સ ઑફ કન્ડક્ટ કમિટી (SCC) દ્વારા મંજુરી આવશ્યક છે, જો તેનાં એકમાત્ર માલિક, 10 ટકા અથવા વધારે હિત ધરાવતા પાર્ટનર, અધિકારી, ડાઇરેક્ટર, અથવા સ્ટોકહોલ્ડર આ હોય: વર્તમાન SBA કર્મચારી; કોંગ્રેસનાં સભ્ય; કાનૂની અથવા જ્યુડિશિયલ શાખાનાં નિયુક્ત અધિકારી અથવા કર્મચારી; SBA એડવાઇઝરી કાઉન્સિલનાં સભ્ય અથવા કર્મચારી અથવા SCORE સ્વયંસેવક; કોઇપણ પૂર્વ વ્યક્તિઓનાં પરિવારનાં સભ્ય. શું આ સંસ્થાઓને પીપીપી લોન માટે લાયક બનવા માટે SCC ની મંજુરીની જરૂર છે?

જવાબ: SCC દ્વારા આવી સંસ્થાઓને પીપીપી લોન માટે બ્લેન્કેટ મંજુરીથી અધિકૃત કરી છે જેથી પીપીપી પ્રોગ્રામમાં SCC દ્વારા આગળનાં પગલાઓની જરૂરીયાત ન રહે.

27. **પ્રશ્ન:** કોઇ સંસ્થાને ડિઝાસ્ટર સહાય સિવાય કોઇ SBA સહાય પ્રદાન કરે તે પહેલા SBA નિયમનોની સુસંગત ડીપાર્ટમેન્ટ અથવા મિલિટરી સેવા દ્વારા નો ઓબ્જેક્શનનું લેખિત

[7] પ્રશ્નો 21 - 25 પ્રકાશિત કર્યા 13 એપ્રિલ, 2020.

સ્ટેટમેન્ટ આવશ્યક છે, જો તેનાં એકમાત્ર માલિક, 10% અથવા વધારે હિત ધરાવતા પાર્ટનર, અધિકારી, ડાઇરેક્ટર કે સ્ટોકહોલ્ડર, એથવા જો કોઇપણ પૂર્વ વ્યક્તિઓનાં પરિવારનાં સભ્ય ઓછામાં ઓછા GS-13 અથવા તેને સમતુલ્ય ગ્રેડ ધરાવતા અન્ય સરકારી ડીપાર્ટમેન્ટ અથવા એજન્સીનાં કર્મચારી હોય. શું આ આવશ્યકતા પીપીપી લોન માટે લાગું પડે છે?

જવાબ: ના. SCC દ્વારા નિર્ણય લેવાયો છે કે પીપીપી લોન માટે અન્ય સરકારી ડીપાર્ટમેન્ટ અથવા એજન્સી પાસેથી નો ઓબ્જેક્શનનું લેખિત સ્ટેટમેન્ટ લેવાની આવશ્યકતા નથી.

28. **પ્રશ્ન:** શું ઉધાર આપનાર દ્વારા આવશ્યક ઉધાર લેનારનાં દસ્તાવેજો અને પેરોલ ખર્ચાઓની ગણતરીની સમીક્ષા કરવાની તેની જવાબદારી પૂર્ણ કર્યા પહેલા ઉધાર આપનારને ઇ-ટ્રાન મારફત SBA ને પીપીપી લોન અરજી સબમિટ કરવાની પરવાનગી છે?

જવાબ: ના. ઉધાર આપનાર ઇ-ટ્રાન મારફત પીપીપી લોન સબમિટ કરે તે પહેલા, ઉધાર આપનારે ઉધાર લેનારનાં અરજી પત્રકમાં સમાયેલી માહિતી અને પ્રમાણપત્રો એકત્રિત કરવા અનિવાર્ય છે અને ઉધાર આપનારે પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં પેરેગ્રાફ 3.b.(i)-(iii) માં સ્થાપિત તેની જવાબદારીઓ પૂર્ણ કરવી અનિવાર્ય છે. કૃપા કરીને પેરોલ ખર્ચાઓનાં કન્ફર્મેશન સંબંધિત ઉધાર આપનારની જવાબદારી પરની વધારે માહિતી માટે ઇન્ટરિમ ફાઇનલ રૂલ અને FAQ #1 નો સંદર્ભ લો.

જે ઉધાર આપનારાઓ સમજ્યા ન હતા કે ઇ-ટ્રાનમાં સબમિશન પહેલા આ પગલાઓ આવશ્યક છે તેઓએ 14 એપ્રિલ, 2020 પહેલા ઇ-ટ્રાનમાં સબમિટ કરેલી અરજીઓ પાછી ખેંચવાની જરૂર નથી, પરંતુ બને તેટલા વહેલા અને લોન મંજુર કરતા પહેલા તે અરજીઓ બાબતમાં ઉધાર આપનારાઓએ જવાબદારીઓ પૂર્ણ કરવી અનિવાર્ય છે.[8]

29. **પ્રશ્ન:** શું ઉધાર આપનારાઓ ઇ-સાઇન એક્ટ દ્વારા પરવાનગી અપાયેલ દસ્તાવેજોની સ્કેન કોપીઓ, અથવા ઇ-હસ્તાક્ષરો અથવા ઇ-સંમતિઓનો ઉપયોગ કરી શકે છે?

જવાબ: હા. તમામ પીપીપી ઉધાર આપનારાઓ SBA ફોર્મ 2483 દ્વારા આવશ્યક માહિતી અને પ્રમાણિકરણો સમાવતી હસ્તાક્ષરકૃત લોન અરજીઓ અને દસ્તાવેજો તથા પીપીપી લેન માટે વપરાતી પરમિશરી નોંધની સ્કેન કરેલી નકલો સ્વિકારી શકે છે. આ ઉપરાંત, ઉધાર આપનારાઓ કોઇપણ સ્વરૂપની ઇ-સંમતિઓ કે ઇ-હસ્તાક્ષરો પણ સ્વિકારી શકે છે જે ઇલેક્ટ્રોનિક સિગ્નેચર્સ ઇન ગ્લોબલ એન્ડ નેશનલ કોમર્સ એક્ટ (P.L. 106-229) ની આવશ્યકતાઓ સાથે અનુપાલનમાં હોય.

[8] પ્રશ્નો 26 - 28 પ્રકાશિત કર્યા 14 એપ્રિલ, 2020.

વ્યક્તિની ઉપલબ્ધતા વગર ભીની શાહીથી હસ્તાક્ષર મેળવતી વખતે જો ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષરો સુલભ ન થઇ શકતા હો., તો ઉધાર આપનારાઓએ યોગ્ય પક્ષકારે દસ્તાવેજો બનાવ્યા છે તેની ખાતરી કરવા યોગ્ય પગલાઓ લેવા જોઇએ.

આ માર્ગદર્શન ઉધાર આપનારનાં પ્રાયમરી ફેડરલ રેગ્યુલેટર સહિત, અન્ય લાગું પડતા કાયદા દ્વારા લગાડવામાં આવેલી હસ્તાક્ષરની આવશ્યકતાઓ સુપરસીડ નથી કરતું.[9]

30. **પ્રશ્ન:** શું કોઇ ઉધાર આપનાર પીપીપી લોન ગૌણ માર્કેટમાં વેચી શકે છે?

જવાબ: હા. પીપીપી લોન સંપૂર્ણપણે આપી દેવાયા બાદ કોઇપણ સમયે તેને ગૌણ માર્કેટમાં વેચી શકાય છે. પીપીપી લોનનાં ગૌણ માર્કેટમાં વેચાણ માટે SBA ની મંજુરીની આવશ્યકતા નથી. ગૌણ માર્કેટમાં વેચેલી પીપીપી લોન 100% SBA ગેરેંટીડ છે. પીપીપી લોનને મૂલ્યથી પ્રીમિયમ અથવા ડિસ્કાઉન્ટ પર ગૌણ માર્કેટમાં વેચી શકાય છે.[10]

31. **પ્રશ્ન:** લિક્વિડિટીનાં સુયોગ્ય સ્ત્રોતો ધરાવતી વિશાળ કંપનીઓની માલિકીનાં વ્યાપારો શું વ્યાપારની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા માટે પીપીપી લોન માટે લાયક બને છે?

જવાબ: લાયકાત નક્કી કરવા માટે લાગું પડતા એફિલિએશન રૂલ્સની સમીક્ષા કરવા ઉપરાંત, તમામ ઉધાર લેનારાઓએ લોન અરજીનાં સમયે કેર્સ (CARES) એક્ટ અને પીપીપી નિયમનો દ્વારા સ્થાપિત માપદંડ હેઠળ પીપીપી લોન માટેની તેઓની આર્થિક જરૂરિયાતની આકારણી કરવી અનિવાર્ય છે. ઉધાર લેનાર અન્ય કોઇ જગ્યાએથી ક્રેડિટ મેળવવા અસક્ષણ હોવો અનિવાર્ય હોવાની સામાન્ય આવશ્યકતા કેર્સ (CARES) એક્ટ દ્વારા નાબૂદ કરવામાં આવી છે (સ્મોલ બિઝનેસ એક્ટની સેક્શન 3(h)માં વ્યાખ્યાયિત કર્યા અનુસાર) તેમ છતા, ઉધાર લેનારાઓએ હજું પણ સારા વિશ્વાસમાં પ્રમાણિત કરવું અનિવાર્ય છે કે તેઓની પીપીપી લોનની વિનંતી જરૂરી છે. વિશેષ રીતે, પીપીપી અરજી સબમિટ કરતા પહેલા, તમામ ઉધાર લેનારાઓએ આવશ્યક પ્રમાણિકરણની કાળજીપૂર્વક સમીક્ષા કરવી જોઇએ કે "હાલની આર્થિક અનિશ્ચિતતા અરજદારની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા આ લોનની વિનંતીને જરૂરી બનાવે છે." ઉધાર લેનારાઓએ તેઓની વર્તમાન વ્યાપાર પ્રવૃત્તિ અને વ્યાપારને નોંધપાત્ર રીતે હાનિકારક ન હોય તે રીતમાં તેઓની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા અન્ય લિક્વિડિટી સ્ત્રોતો સુલભ કરાવવાની તેઓની ક્ષમતાને લક્ષ્યમાં લઇને સારા વિશ્વાસમાં આ પ્રમાણિકરણ કરવું અનિવાર્ય છે. ઉદાહરણ તરીકે, તે અસંભવિત છે કે નોંધપાત્ર માર્કેટ વેલ્યૂ

[9] પ્રશ્ન 29 પ્રકાશિત કર્યો 15 એપ્રિલ, 2020.

[10] પ્રશ્ન 30 પ્રકાશિત કર્યો 17 એપ્રિલ, 2020.

ધરાવતી અને કેપિટલ માર્કેટમાં ઍક્સેસ ધરાવતી જાહેર કંપની સારા વિશ્વાસમાં આવશ્યક પ્રમાણિકરણ બનાવવા સક્ષમ બનશે, અને આવી કંપનીએ વિનંતી પર તેનાં પ્રમાણિકરણ માટેનાં આધારો SBA સમક્ષ પ્રદર્શિત કરવા તૈયાર રહેવું જોઇએ.

ઉધાર આપનારાઓ લોન વિનંતીની જરૂરીયાતનાં સંબંધમાં ઉધાર લેનારનાં પ્રમાણિકરણ પર આધાર રાખી શકે છે. આ માર્ગદર્શન જારી કર્યા પહેલા પીપીપી લોન માટે અરજી કરી હતી અને 7 મે, 2020 સુધીમાં સંપૂર્ણ લોન પરત ચૂકવે છે તેવા કોઇપણ ઉધાર લેનારને SBA દ્વારા સારા વિશ્વાસમાં આવશ્યક પ્રમાણિકરણ કર્યું હોવાનું ગણવામાં આવશે.[11]

32. **પ્રશ્ન:** શું વળતરનાં ભાગ તરીકે કર્મચારીને પ્રદાન કરવામાં આવેલા હાઉસિંગ સ્ટાઇપેન્ડ અથવા એલાઉન્સનો ખર્ચ પેરોલ ખર્ચાઓમાં ગણાય છે?

જવાબ: હા. પેરોલ ખર્ચાઓ કર્મચારીઓને ચૂકવેલા તમામ રોકડ ખર્ચાઓને સમાવે છે, જે કર્મચારી દીઠ વાર્ષિક $ 100,000 વળતરની મર્યાદાને આધીન છે.

33. **પ્રશ્ન:** પીપીપી અરજદારોને અને ઉધાર આપનારાઓને વ્યક્તિગત કર્મચારીનું મુખ્ય નિવાસ સ્થાન યુનાઇટેડ સ્ટેટ્સમાં છે કે નહીં તે નક્કી કરવામાં મદદરૂપ થવા માટે કોઇ પ્રવર્તમાન માર્ગદર્શન છે?

જવાબ: પીપીપી અરજદારો અને ઉધાર આપનારાઓ વ્યક્તિગત કર્મચારીનું મુખ્ય નિવાસ સ્થાન યુનાઇટેડ સ્ટેટ્સમાં છે કે નહીં તે નક્કી કરતી વખતે IRS નિયમનો (26 CFR § 1.121-1(b)(2)) લક્ષ્યમાં લઇ શકે છે.

34. **પ્રશ્ન:** શું કૃષિ ઉત્પાદકો, ખેડૂતો અને પશુપાલકો પીપીપી લોન માટે લાયક છે?

જવાબ: હા. કૃષિ ઉત્પાદકો, ખેડૂતો અને પશુપાલકો પીપીપી લોન માટે લાયક છે જો: (i) તે વ્યાપાર 500 અથવા ઓછા કર્મચારી ધરાવતો હોય, અથવા (ii) તે વ્યાપાર આવક-આધારિત કદનાં માપદંડમાં બંધબેસતો હોય, જે સરેરાશ વાર્ષિક આવક $1 મિલિયનની છે.

આ ઉપરાંત, કૃષિ ઉત્પાદકો, ખેડૂતો અને પશુપાલકો જો તેઓનો વ્યાપાર SBA નાં "વેકલ્પિક કદનાં માપદંડ" પૂર્ણ કરે તો નાના વ્યાપાર તરીકે પીપીપી લોન માટે લાયક થઇ શકે છે. હાલમાં "વેકલ્પિક કદનાં માપદંડ" આ મુજબ છે: (1) વ્યાપારની મહત્તમ નેટ વર્થ $15 મિલિયન કરતા વધારે ન હોય; અને (2) અરજીની તારીખ પહેલા બે પૂર્ણ નાણાકીય વર્ષો

[11] પ્રશ્ન 31 પ્રકાશિત કર્યો 23 એપ્રિલ, 2020.

માટે ફેડરલ આવક કરવેરાઓ પછીની વ્યાપારની સરેરાશ ચોખ્ખી આવક (કોઇપણ કેરી-ઓવર ખોટનો સમાવેશ થતો નથી) વ્યાપારની $5 મિલિયન કરતા વધારે ન હોય.

આ તમામ માપદંડોમાટે, અરજદારે તેની ગણતરીઓમાં તેનાં એફિલિએટ્સનો સમાવેશ કરવો અનિવાર્ય છે. લિંક પીપીપી માટેનાં લાગું પડતા એફિલિએશન રુલ્સ માટે.

35. **પ્રશ્ન:** શું કૃષિ અને સહકારીનાં અન્ય સ્વરીપો પીપીપી લોન મેળવવા માટે લાયક છે?

    જવાબ: અન્ય પીપીપી લાયકાતની આવશ્યકતાઓ પૂર્ણ થાય તો, નાની કૃષિ સહકારીઓ અને અન્ય સહકારીઓ પીપીપી લોન મેળવી શકે છે.[12]

36. **પ્રશ્ન:** કેર્સ એક્ટ દ્વારા સ્થાપિત 500-કર્મચારીઓ અથવા અન્ય લાગું થ્રેશહોલ્ડ હેઠળ ઉધાર લેનારની લાયકાત નક્કી કરવા, શું ઉધાર લેનારે તમામ કર્મચારીઓની ગણતરી કરવી અનિવાર્ય છે અથવા માત્ર પૂર્ણ-કાલિન સમતુલ્ય કર્મચારીઓની ગણતરી કરવી અનિવાર્ય છે?

    જવાબ: લોનની લાયકાતનાં હેતુંઓ માટે કેર્સ એક્ટ "પૂર્ણ-કાલિન, આંશિક-કાલિન અથવા અન્ય આધાર પર નોકરી પર રાખેલા વ્યક્તિઓ" સમાવવા કર્મચારી શબ્દપ્રયોગને વ્યાખ્યાયિત કરે છે. તેથી લાયકાતનાં થ્રેશહોલ્ડનાં હેતુઓ માટે તેઓનાં કર્મચારીઓનાં માથાઓની ગણતરી નક્કી કરતી વખતે, ઉધાર લેનારે આંશિક-કાલિન કર્મચારીઓ સહિત કર્મચારીઓની કુલ સંખ્યાની ગણતરી કરવી અનિવાર્ય છે. ઉદાહરણ તરીકે, જો ઉધાર લેનાર 200 પૂર્ણ-કાલિન કર્મચારીઓ અને 50 આંશિક-કાલિન કર્મચારીઓ ધરાવે છે જે પ્રત્યેક 10 કલાક પ્રતિ સપ્તાહ કામ કરે છે, તો તે ઉધાર લેનાર કુલ 250 કર્મચારીઓ ધરાવે છે.

    તેનાથી વિપરિત, લોન માફીનાં હેતુંઓ માટે, કાર્યબળ ઘટાડાની ઘટનામાં લોન માફીની રકમની માત્રા નક્કી કરવા કેર્સ એક્ટ દ્વારા "પૂર્ણકાલિન સમતુલ્ય કર્મચારીઓ" માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે.[13]

37. **પ્રશ્ન:** લિક્વિડિટીનાં સુયોગ્ય સ્ત્રોતો ધરાવતી ખાનગી કંપનીઓની માલિકીનાં વ્યાપારો શું વ્યાપારની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા માટે પીપીપી લોન માટે લાયક બને છે?

    જવાબ: FAQ #31 નો પ્રતિભાવ જુઓ. [14]

---

[12] પ્રશ્નો 32 - 35 પ્રકાશિત કર્યા 24 એપ્રિલ, 2020.

[13] પ્રશ્ન 36 પ્રકાશિત કર્યો 26 એપ્રિલ, 2020.

[14] પ્રશ્ન 37 પ્રકાશિત કર્યો 28 એપ્રિલ, 2020.

38. **પ્રશ્ન:** કેર્સ એક્ટની સેક્શન 1102 પ્રદાન કરે છે કે પીપીપી લોન માત્ર એવા અરજદારોને ઉપલબ્ધ છે જેઓ "15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ કાર્યરત" હતા. શું 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ વ્યાપાર કાર્યરત હતો, પરંતુ 15 ફેબ્રુઆરી, 2020 પછી માલિકીપણામાં ફેરફાર થયો હતો, તો શું તે પીપીપી લોન માટે લાયક છે?

જવાબ: હા. જો વ્યાપાર 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ કાર્યરત હતો, અને જો તે અન્ય લાયકાતનાં માપદંડો પૂર્ણ કરે છે, તો માલિકીપણામાં ફેરફાર થયો હોય તો પણ તે વ્યાપાર પીપીપી લેન માટે અરજી કરવા માટે લાયક છે. વધુમાં, જ્યાં 15 ફેબ્રુઆરીનાં રોજ કાર્યરત હોય તેવા વ્યાપારની નોંધપાત્ર તમામ સંપત્તિઓની ખરીદીથી માલિકીપણામાં ફેરફાર અસરમાં આવ્યો હોય, તો માલિકીપણામાં ફેરફારથી નવા ટેક્સ આઇડી નંબરમાં પરિણમે અને હસ્તગત કરતો વ્યાપાર 15 ફેબ્રુઆરી, 2020 સુધી કામગીરીમાં ન હતો તો પણ સંપત્તિ હસ્તગત કરતો વ્યાપાર પીપીપી લોન માટે અરજી કરવા લાયક બનશે. જો હસ્તગત કરતા વ્યાપારે વેચાણ-પૂર્વેનાં વ્યાપારની કામગીરીઓ જાળવી રાખી હોય, તો જ્યાં વેચાણ-પૂર્વેનાં વ્યાપારે પીપીપી લોન માટે અરજી કરી હતી અને મેળવી હતી તેને બાદ કરતા, હસ્તગત કરતો વ્યાપાર તેની પીપીપી અરજીનાં હેતુઓ માટે વેચાણ-પૂર્વેનાં વ્યાપારનાં ઐતિહાસિક ખર્ચાઓ અને માથાની ગણતરી પર આધાર રાખી શકે છે. સેક્રેટરી સાથેનાં પરામર્શમાં એડમિનિસ્ટ્રેટર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે વ્યાપાર "15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ કાર્યરત હતો" તેવી આવશ્યકતા વ્યાપારની આર્થિક વાસ્તવિકતાઓનાં આધાર પર લાગું કરવી જોઇએ.

39. **પ્રશ્ન:** શું SBA વ્યક્તિગત પીપીપી લોન ફાઇલોની સમીક્ષા કરશે?

જવાબ: હા. FAQ #31 માં, SBA દ્વારા તમામ ઉધાર લેનારાઓને પીપીપી લોન મેળવવા માટે આવશ્યક અગત્યનાં પ્રમાણિકરણોની યાદ અપાવી હતી. પીપીપી લોન જરૂરીયાત ધરાવતા લાયક ઉધારલેનારાઓ પૂરતી મર્યાદિત છે તેની વધુ ખાતરી કરવા, ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરી સાથેનાં પરામર્શમાં, SBA દ્વારા નિર્ણય લેવાયો છે કે તે ઉધાર લેનારની લોન માફીની અરજી ઉધાર લેનાર દ્વારા સબમિટ કર્યા બાદ, યોગ્યતા અનુસાર અન્ય લોન ઉપરાંત $2 મિલિયનથી વધારેની તમામ લોનની સમીક્ષા કરશે. આ પ્રક્રિયાનું અમલીકરણ કરતું વધારાનું માર્ગદર્શન આવવાનું છે.

લોન ફાઇલોની SBA ની સમીક્ષાનું પરિણામ કોઇપણ લોનની SBA ની ગેરેંટીને અસર કરશે નહીં જેનાં માટે FAQ #1 માં વધુ સમજાવેલા અને પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ રૂલ (2 એપ્રિલ, 2020) નાં ફકરાઓ III.3.b(i)-(iii) માં સ્થાપિત કરેલી ઉધાર આપનારની જવાબદારીઓ સાથે

ઉધાર લેનાર અનુપાલનમાં હોય.[15]

40. **પ્રશ્ન:** શું ઉદાર લેનારની પીપીપી લોન માફી રકમ (કેર્સ એક્ટની સેક્શન 1106 અને SBS નાં અમલીકરણ રૂલ્સ અને માર્ગદર્શન અનુસાર) ઘટાડવામાં આવશે જો ઉધાર લેનારે કોઇ કર્મચારીને નોકરી પરથી છૂટા કર્યા હોય, તે જ કર્મચારીને ફરીથી નોકરી પર લેવા ઑફર કરી હોય, પરંતુ તે કર્મચારીએ તે ઑફર નકારી હોય?

    જવાબ: ના. લોન માફી પર એક્ટની મર્યાદામાંથી ડે મિનિમિસ અપવાદો મંજુર કરતા નિયમનો પ્રીસ્ક્રાઇબ કરવાકેર્સ એક્ટની સેક્શન 1106(d)(6) હેઠળનાં એડમિનિસ્ટ્રેટરનાં અને સેક્ટ્રેટરીમાં સત્તાધિકારનાં ઉપયોગ તરીકે, SBA અને ટ્રીઝરી ઇન્ટરિમ ફાઇનલ રુલ જારી કરવાનો ધ્યેય રાખે છે જેમાં કેર્સ એક્ટની લોન માફી ઘટાડાની ગણતરીમાંથી નોકરી પરથી છૂટા કરવામાં આવેલા એવા કર્મચારીઓને બાકાત રાખ્યા છે જેઓને ફરીથી નોકરી પર રાખવા ઉધાર લેનારે ઑફર કરી હોય (એકસમાન પગાર/વેતન અને એકસમાન કામના કલાકોની સંખ્યા માટે). ઇન્ટરિમ ફાઇનલ રૂલ સ્પષ્ટતા કરશે કે, આ બાકાતી માટે ક્વોલિફાઇ થવા માટે, ઉધાર લેનારે સારા વિશ્વાસમાં ફરીથી નોકરી પર લેવાની ઑફર કરી હોવી જોઇએ, અને ઉધાર લેનાર દ્વારા કર્મચારીનો તે ઑફરનો અસ્વિકાર દસ્તાવેજીત થયેલો હોવો અનિવાર્ય છે. કર્મચારીઓ અને નોકરીપ્રદાતાઓ વાકેફ હોવા જોઇએ કે ફરીથી નોકરીની ઑફરો અસ્વિકાર કરનારા કર્મચારીઓ સતત બેરોજગારી વળતર માટેની લાયકાત ગુમાવી શકે છે.

41. **પ્રશ્ન:** શું 27 એપ્રિલ, 2020 નાં રોજ ટ્રીઝરી દ્વારા જારી કરવામાં આવેલા ઇન્ટરિમ ફાઇનલ રુલ હેઠળ પોતાની મહત્તમ પીપીપી લોન રકમ ગણવા માટે 1 મે, 2019 અને 15 સપ્ટેમ્બર, 2019 વચ્ચેનાં 12-સપ્તાહનાં સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરતા સીઝનલ નોકરીપ્રદાતા ઉધાર લેનારનાં અરજી પત્રક પર તમામ આવશ્યક પ્રમાણિકરણો કરી શકે છે?

    જવાબ: હા. ઉધાર લેનારનાં અરજી પત્રકની અરજદારો માટેની એ પ્રમાણિત કરવાની આવશ્યકતા રજૂ કરે છે કે "આ અરજી સબમિટ કરતી વખતે અરજદાર પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામનાં અમલીકરણ સાથે નાના વ્યવસાય વહીવટ (SBA) દ્વારા જારી કરાયેલા અસરકારક નિયમો હેઠળ લોન મેળવવાને પાત્ર હોય છે." 27 એપ્રિલ, 2020 નાં રોજ, ટ્રીઝરીએ ઇન્ટરિમ ફાઇનલ રુલ જારી કર્યો હતો જે સીઝનલ ઉદાર લેનારાઓને પીપીપી અંતર્ગત તેઓ જેનાં માટે લાયક હોય તે લોનની રકમની ગણતરી કરવા માટેનાં હેતુંઓ માટે વૈકલ્પિક આધાર સમયગાળાનો ઉપયોગ કરવાની અનુમતિ આપે છે. અન્યથા લાગું પડતી SBA ની

[15] પ્રશ્નો 38 - 39 પ્રકાશિત કર્યા 29 એપ્રિલ, 2020.

આવશ્યકતાઓ સાથે અનુપાલનમાં હોય અને જે સીઝનલ કામદારો પરનાં ટ્રીઝરીનાં ઇન્ટરિમ ફાઇનલ રુલ સાથે અનુપાલનમાં હોય તેવા અરજદારને SBA રુલ્સ હેઠળ પીપીપી લોન માટે લાયક ગણવામાં આવશે. સીઝનલ વ્યાપારો માટે સરેરાશ માસિક પેરોલની ગણતરી કરવા માટેનાં સમયગાળા માટે ઉદાર લેનારનાં અરજી પત્રકનાં પેજ 3 પરની સૂચનાઓનું અનુસરણ કરવાને બદલે, અરજદાર સીઝનલ કામદારો પરનાં ટ્રીઝરીનાં ઇન્ટરિમ ફાઇનલ રુલમાં સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે.

42. **પ્રશ્ન:** શું ઇન્ટરિમ રેવેન્યુ કોડ ની સેક્શન 115 હેઠળ કરવેરામાંથી મૂક્તિ ધરાવતી નોનપ્રોફિટ હોસ્પિટલો કેર્સ એક્ટની સેક્શન 1102 હેઠળ "નોનપ્રોફિટ સંસ્થાઓ" તરીકે ક્વોલિફાઇ થાય છે?

જવાબ: કેર્સ એક્ટની સેક્શન 1102 "નોનપ્રોફિટ સંસ્થા" શબ્દપ્રયોગને "એવી સંસ્થા જેને ઇન્ટરનલ રેવેન્યુ કોડ ઓફ 1986 ની સેક્શન 501(c)(3) માં વર્ણવી છે અને જે આવા કોડની સેક્શન 501(a) હેઠળ કરવેરામાંથી મૂક્ત હોય" તરીકે વ્યાખ્યાયિત કરે છે. સેક્રેટરી ઓફ ટ્રીઝરી સાથેનાં પરામર્શમાં એડમિનિસ્ટ્રેટર સમજે છે કે ઇન્ટરનલ રેવેન્યુ કોડની સેક્શન 115 હેઠળ કરવેરા મૂક્ત નોનપ્રોફિટ હોસ્પિટલો અનન્ય છે કે આવી ઘણી હોસ્પિટલો સેક્શન 501(a) હેઠળ કરવેરા મૂક્તિ માટે લાયક બનવા ઇન્ટરનલ રેવેન્યુ કોડની સેક્શન 501(c)(3) માં સ્થાપિત વિવરણ પૂર્ણ કરી શકે છે, પરંતુ તેવી રીતે IRS દ્વારા માન્યતા મેળવવા માટેની માંગણી નથી કરી કારણ કે અન્યથા તેઓ ઇન્ટરનલ રેવેન્યુ કોડનાં વિભિન્ન પ્રાવધાનો હેઠળ સંપૂર્ણ રીતે કરવેરા-મૂક્ત છે.

તેવી જ રીતે, એડમિનિસ્ટ્રેટર કેર્સ એક્ટની સેક્શન 1102 હેઠળ "નોનપ્રોફિટ સંસ્થા" ની વ્યાખ્યા પૂર્ણ કરતી હોવા તરીકે નોનપ્રોફિટ હોસ્પિટલને ઇન્ટરનલ રેવેન્યુ કોડ હેઠળ કરવેરામાંથી મૂક્ત હોવા તરીકે ગણશે, જો તે હોસ્પિટલ વાજબી રીતે હોસ્પિટલ દ્વારા જાળવવામાં આવતા લેખિત રેકોર્ડમાં નક્કી કરે કે તે ઇન્ટરનલ રેવેન્યુ કોડની સેક્શન 501(c)(3) માં વર્ણવેલી સંસ્થા છે અને તેથી સેક્શન 501(a) હેઠળ કરવેરા મૂક્ત સંસ્થાની કેટેગરીમાં આવે છે.[16] ઉધાર લેનારનાં અરજી પત્રક પર હોસ્પિટલનું લાયકાતનું પ્રમાણિકરણ આ નિર્ધારણ પહેલા ન કરી

[16] આ નિર્ધારણને ઇન્ટરનલ રેવેન્યુ કોડની સેક્શન 501(r) માં સ્થાપિત આનુષંગિક શરતો માટે અને તે સેક્શન હેઠળ કરવેરા મૂક્તિ સુરક્ષિત કરવા સાથે સંકળાયેલી અન્ય ક્યાંય આવેલી શરતો માટે ગણતરીમાં લેવાની જરૂર નથી. સેક્શન 501(r) જણાવે છે કે હોસ્પિટલ સંસ્થાને સેક્શન 501(c)(3) માં વર્ણવ્યા અનુસાર ગણવી નહીં અન્યથા જો તે ચોક્કસ કમ્યુનિટી આરોગ્ય અને અન્ય આવશ્યકતાઓ પૂર્ણ કરતી હોય. જોકે, કેર્સ એક્ટની સેક્શન 1102 માત્ર સેક્શન 501(c)(3) નાં સંદર્ભ દ્વારા "નોનપ્રોફિટ સંસ્થા" શબ્દપ્રયોગને વ્યાખ્યાયિત કરે છે, અને સેક્શન 501(r) સેક્શન 501(c)(3) ને સુધારતી નથી. તેથી, પીપીપી નાં હેતુંઓ માટે, સંસ્થાને "mskdMv 501(મ)(3)માં વર્ણવી" છે કે નહીં તેનું નિર્ધારણ કરવા સેક્શન 501(r) ની આવશ્યકતાઓ લાગું પડતી નથી.

શકાય. આ અભિગમ ચાલું મહામારીમાં તબીબી પ્રતિભાવ લીડ કરવામાં મદદ કરતી સંસ્થાઓ સહિત વ્યાપક શ્રેણીમાં ઉદાર લેનારાઓ પીપીપી હેઠળ પ્રદાન કરવામાં આવતી લોનનો લાભ લઇ શકે તેની ખાતરી કરવાનાં કાનૂની હેતુંને સિદ્ધ કરવામાં મદદ કરે છે.

આ માર્ગદર્શના માત્ર અને માત્ર કેર્સ એક્ટનાી સેક્શન 1102 હેઠળ "નોનપ્રોફિટ સંસ્થા" તરીકેની લાયકાતનાં હેતુઓ અને કેર્સ એક્ટનાં સંબંધિત હેતુઓ માટે જ છે, અને ફેડરલ ટેક્સ લો હેતુઓ માટે કોઇ પરિણામો ધરાવતું નથી. નોનપ્રોફિટ હોસ્પિટલોએ સ્ટેટ અથવા લોકલ સરકારો દ્વારા માલિકી પર અગત્યની મર્યાદા બાબતમાં *ઇન્ટરિમ ફાઇનલ રુલ્સ ઓન પ્રોમિસરી નોટ્સ, ઓથોરાઇઝેશન્સ, એફિલિએશન, એન્ડ એલિજિબિલિટી* (28 એપ્રિલ, 2020) સહિત અન્ય તમામ લાગું પડતા લાયકાતનાં માપદંડોની પણ સમીક્ષા કરવી જોઇએ. 85 FR 23450, 23451.[17]

43. **પ્રશ્ન:** FAQ #31 ઉધાર લેનારાઓને ઉધાર લેનારનાં અરજી પત્રક પર આવસ્યક પ્રમાણિકરણની કાળજીપૂર્વક સમીક્ષા કરવા યાદ અપાવે છે કેે "હાલની આર્થિક અનિશ્ચિતતા અરજદારની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા આ લોનની વિનંતીને જરૂરી બનાવે છે." SBA માર્ગદર્શન અને નિયમનોએ પ્રદાન કર્યું હતું કે 24 એપ્રિલ, 2020 પહેલા પીપીપી લોન માટે અરજી કરી હતી અને 7 મે, 2020 સુધીમાં સંપૂર્ણ લોન પરત ચૂકવે છે તેવા કોઇપણ ઉધાર લેનારને SBA દ્વારા સારા વિશ્વાસમાં આવશ્યક પ્રમાણિકરણ કર્યું હોવાનું ગણવામાં આવશે. શું ઉધાર લેનાર માટે 7 મે, 2020 પરત ચૂકવણી તારીખનું વિસ્તરણ મેળવવું સંભવિત છે?

જવાબ: SBA આ સુરક્ષિત હાર્બર માટેની પરત ચૂકવણી તારીખ વધારીને 14 મે, 2020 સુધીની કરી રહી છે. ઉધાર લેનારાઓએ આ વિસ્તરણ માટે અરજી કરવાની જરૂર નથી. આ વિસ્તરણ સુરક્ષિત હાર્બર પ્રદાન કરતા SBA નાં ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં રીવિઝન મારફત ઝડપથી અમલમાં મૂકવામાં આવશે. SBA 14 મે, 2020 પહેલા તે કેવી રીતે પ્રમાણિકરણની સમીક્ષા કરશે તેનાં પર વધારાનું માર્ગદર્શન પ્રદાન કરવાનો ધ્યેય રાખે છે.

44. **પ્રશ્ન:** વિદેશી અને યુ.એસ. એફિલિએટ્સનાં કર્મચારીઓની ગણતરી બાબતમાં 13 C.F.R. 121.301(f) પરનાં SBA નાં એફિલિએશન રૂલ્સ કેવી રીતે લાગું પડે છે?

જવાબ: પીપીપી નાં 500 અથવા ઓછા કર્મચારી કદનાં માપદંડનાં હેતુંઓ માટે, અરજદારે તેનાં તમામ કર્મચારીઓની અને તેનાં યુ.એસ. અથવા વિદેશી એફિલિએટ્સનાં કર્મચારીઓની ગણતરી કરવી અનિવાર્ય છે, જેમાં છૂટ બાદ કરવી અથવા એફિલિએટ્સનાં રૂલ્સનાં અપવાદ બાદ કરવા. 13 C.F.R. 121.301(f)(6). કર્મચારી-આધારિત કદનાં માપદંડનાં આધાર પર

[17] પ્રશ્નો 40 - 42 પ્રકાશિત કર્યા 3 મે, 2020.

સ્મોલ બિઝનેસ એક્ટ (15 U.S.C. 632) ની સેક્શન 3 હેઠળ “નાના વ્યાપાર” તરીકે લાયક બનવા માંગતા વ્યાપારે તેનાં જેવું જ કરવું અનિવાર્ય છે.[18]

45. **પ્રશ્ન:** શું સુરક્ષિત હાર્બર ડેડલાઇન (14 મે, 2020) સુધીમાં તેની પીપીપી લેન પરત ચૂકવતા હોય તેવા નોકરી પ્રદાતા એમ્પલોઇ રીટેન્શન ક્રેડિટ માટે લાયક છે?

જવાબ: હા. જે નોકરીપ્રદાતાએ પીપીપી લોન માટે અરજી કરી હોય, ચૂકવણી પ્રાપ્ત કરી હોય અને સુરક્ષિત હાર્બલ ડેડલાઇન (14 મે, 2020) સુધીમાં લોન ભરપાઇ કરે છે તેને નોકરીપ્રદાતાઓ એમ્પલોઇ રીટેન્શન ક્રેડીટનાં હેતું માટે પીપીપી હેઠળ આવરીત લોન મેળવી ન હતી છતાં પણ તે તરીકે ગણવામાં આવશે. તેથી, જો નોકરીપ્રદાતા અન્યથા ક્રેડિટનાં હેતું માટે લાયક નોકરીપ્રદાતા હોય તો નોકરીપ્રદાતા ક્રેડિટ માટે લાયક બનશે.[19]

46. **પ્રશ્ન:** ઉધાર લેનારાઓની લોનની વિનંતીની જરૂરીયાત સંબંધિત ઉધાર લેનારાઓ માટે આવશ્યક સારા વિશ્વાસના પ્રમાણિકરણની SBA કેવી રીતે સમીક્ષા કરશે?

જવાબ: પીપીપી અરજી સબમિટ કરતી વખતે, તમામ ઉધાર લેનારાઓએ સારા વિશ્વાસમાં પ્રમાણિત કરવું અનિવાર્ય છે કે “હાલની આર્થિક અનિશ્ચિતતા અરજદારની ચાલું કામગીરીઓને સપોર્ટ કરવા આલોનની વિનંતીને જરૂરી બનાવે છે.” ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરી સાથેનાં પરામર્શમાં SBA દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે આ સમસ્યા બાબતમાં પીપીપી લોનની SBA ની સમીક્ષામાં નીચેનો સુરક્ષિત હાર્બર લાગું પડશે: કોઇપણ ઉધાર લેનાર, તેનાં એફિલિએટ્સ સાથે,[20] $2 મિલિયન કરતા ઓછી મૂળ મુદ્દલ રકમની પીપીપી લોન મેળવી હતી તો તેણે લેનની વિનંતીની જરૂરીયાત સંબંધિત આવશ્યક પ્રમાણિકરણ સારા વિશ્વાસમાં કર્યું હોવાનું ગણવામાં આવશે.

SBA એ નક્કી કર્યું છે કે આ સુરક્ષિત હાર્બર સુયોગ્ય છે કારણ કે આ થ્રેસહોલ્ડથી નીચેના ઉધાર લેનારાઓને સામાન્ય રીતે વધારે મોટી લોન પ્રાપ્ત કરનારા ઉધાર લેનારાઓની તુલનામાં સુયોગ્ય સંત્રોતોની સુલભતાની ઓછી સંભાવના રહેલી છે. આ સુરક્ષિત હાર્બર આર્થિક નિશ્ચિતતાને પણ પ્રોત્સાહિત કરશે કારણ કે પીપીપી ઉધાર લેનારાઓ સાથે વધારે મર્યાદિત સ્ત્રોતોનાં સાહસો કર્મચારીઓ જાળવી રાખશે અને ફરીથી નોકરી પર રાખશે. વધુમાં, પીપીપી લોનનાં વિશાળ કદને જોતા, આ અભિગમ SBA ને તેનાં મર્યાદિત ઓડિટ

[18] પ્રશ્નો 43 – 44 પ્રકાશિત કર્યા 5 મે, 2020.

[19] પ્રશ્ન 45 પ્રકાશિત કર્યો 6 મે, 2020.

[20] આ સુરક્ષિત હાર્બરનાં હેતુઓ માટે, એફિલિએટ્સ પરનાં ઇન્ટરિમ ફાઇનલ રૂલ, 85 FR 20817 (15 એપ્રિલ 2020) હેઠળ આવશ્યક મર્યાદામાં ઉધાર લેનારે તેનાં એફિલિએટ્સનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

સંત્રોતોનું સંરક્ષણ કરવા અને વધારે મોટી લોન પર તેની સમીક્ષાઓ કેન્દ્રિત કરવા સક્ષણ બનાવશે, જ્યાં અનુપાલનનાં પ્રયાસો વધારે ઉંચા વળતરો પેદા કરી શકે છે.

મહત્વની રીતે, $2 મિલિયન કરતા વધારે લોન સાથેનાં ઉધાર લેનારાઓ કે જે આ સુરક્ષિત હાર્બર સંતોષતા ન હોય તેઓને પ્રમાણિકરણની ભાષા અને SBA માર્ગદર્શનનાં પ્રકાશમાં તેઓનાં વ્યક્તિગત સંજોગોનાં આધાર પર સારા વિશ્વાસનું પ્રમાણિકરણની આવશ્યકતા બનાવવા હજું પણ સુયોગ્ય આધાર હોઇ શકે છે. SBA એ અગાઉ જણાવ્યું હતું કે $2 મિલિયનથી વધારે હોય તેવી તમામ પીપીપી લોન, અને યોગ્ય હોય તેવી અન્ય પીપીપી લોન, પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સમાં અને ઉધાર લેનારનાં અરજી પત્રકમાં રાખવામાં આવેલી પ્રોગ્રામની આવશ્યકતાઓ સાથેનાં અનુપાલન માટે SBA દ્વારા સમીક્ષાને આધીન હશે. જો SBA તેની સમીક્ષાનાં સમયગાળામાં નક્કી કરે છે કે ઉધાર લેનાર લોન વિનંતીની જરૂરીયાત સંબંધિત આવશ્યક પ્રમાણિકરણ માટે સુયોગ્ય આધારની ઉણપ ધરાવે છે, તો SBA બાકી રહેલા પીપીપી લોન બેલેન્સની પરત ચૂકવણી માંગશે અને ઉધાર આપનારને જાણ કરશે કે ઉધાર લેનાર લોન માફી માટે લાયક નથી. જો SBA પાસેથી નોટિફિકેશન મેળવ્યા બાદ ઉધાર લેનાર લોનની પરત ચૂકવણી કરે છે, તો SBA લોન વિનંતીની જરૂરીયાત સંબંધિત પ્રમાણિકરણ બાબતમાં તેનાં નિર્ણયનાં આધાર પર વહીવટી એન્ફોર્સમેન્ટ હાથ નહીં ધરે કે અન્ય એજન્સીઓને રેફર નહીં કરે. લોન વિનંતીની જરૂરીયાત સંબંધિત પ્રમાણિકરણ બાબતમાં SBA નો નિર્ણય SBA ની લોન ગેરેંટીને અસર કરશે નહીં.

47. **પ્રશ્ન:** 8 મે, 2020 નાં રોજ પોસ્ટ કરવામાં આવેલા SBA ઇન્ટરિમ ફાઇનલ રૂલમાં પ્રદાન કરવામાં આવ્યું હતું કે કોઇપણ ઉધાર લેનાર કે જેણે પીપીપી લોન માટે અરજી કરી હોય અને 14 મે, 2020 સુધીમાં સંપૂર્ણ લોન પરત ચૂકવે છે તેને SBA દ્વારા લોન વિનંતીની જરૂરીયાતનાં સંબંધમાં સારા વિશ્વાસમાં આવશ્યક પ્રમાણિકરણ કર્યું હોવાનું ગણવામાં આવશે. શું ઉધાર લેનાર માટે 14 મે, 2020 પરત ચૂકવણી તારીખનું વિસ્તરણ મેળવવું સંભવિત છે?

જવાબ: હા, ઉધાર લેનારાઓને સમીક્ષાની તક આપવા અને FAQ #46 લક્ષ્યમાં લેવા માટે, SBA દ્વારા આ સુરક્ષિત હાર્બર માટેની પરત ચૂકવણી તારીખ 18 મે, 2020 સુધી લંબાવવામાં આવી રહી છે. ઉધાર લેનારાઓએ આ વિસ્તરણ માટે અરજી કરવાની જરૂર નથી. આ વિસ્તરણ સુરક્ષિત હાર્બર પ્રદાન કરતા SBA નાં ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં રીવિઝન મારફત ઝડપથી અમલમાં મૂકવામાં આવશે. [21]

[21] પ્રશ્નો 46 – 47 પ્રકાશિત કર્યા 13 મે, 2020.